RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 264, Dt.27-12-2023 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત જોડો બાદ રાહુલની હવે ન્યાયયાત્રા

## રાહુલ ગાંધી મણીપુરથી મુંબઈ સુધી ભારત ન્યાય યાત્રા કરશેઃ ૧૪ જાન્યુઆરીથી થશે પ્રારંભ, ૨૦ માર્ચે યાત્રા પૂર્ણ થશેઃ ૧૪ રાજ્યોમાં ૬૨૦૦ કિ.મી.ની મુસાફરી બસ દ્વારા કરવામાં આવશેઃ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ થશે સામેલ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત જોડો યાત્રા બાદ હવે રાહુલ ગાંધી મણિપુરથી મુંબઈ સુધીની ભારત ન્યાય યાત્રાની તૈયારી કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીની ભારત ન્યાય યાત્રા ૧૪મી જાન્યુઆરીથી શરૂ થશે. રાહુલ ગાંધી મણિપુરથી મુંબઈ જશે. અહેવાલો અનુસાર, પાર્ટી હાઈકમાન્ડ સિવાય, કોંગ્રેસના આ કાર્યક્રમમાં રાજ્યના તમામ કોંગ્રેસના નેતાઓ પણ ભાગ લેશે.

પાર્ટીના કાર્યક્રમ સાથે જોડાયેલા અહેવાલો અનુસાર, રાહુલ ગાંધી ભારત જોડો યાત્રાની તર્જ પર નવી જનસંપર્ક કવાયત કરી રહ્યા છે. પૂર્વોત્તર ભારતીય રાજ્ય મણિપુરથી ૧૪ જાન્યુઆરીએ શરૂ થયેલી આ યાત્રા ૨૦ માર્ચે પૂરી થશે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે યાત્રા દરમિયાન યુવાનો, મહિલાઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો સાથે વાત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે આ પહેલા ઘણા રાજ્યોમાંથી પસાર થયેલી ભારત જોડો પદયાત્રા બાદ રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાસે ઘણો અનુભવ છે. વેણુગોપાલે કહ્યું કે ભારત ન્યાય યાત્રા ૬,૨૦૦ કિલોમીટરનું અંતર કાપશે. મણિપુરથી શરૂઆત કર્યા બાદ કોંગ્રેસના નેતાઓ નાગાલેન્ડ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના કેટલાક ભાગોની પણ મુલાકાત લેશે. છેલ્લે ભારત ન્યાય યાત્રા મહારાષ્ટ્ર પહોંચશે. આ યાત્રા ૨૦ માર્ચે મુંબઈમાં પૂરી થશે.વેણુગોપાલના જણાવ્યા અનુસાર ૨૧મી ડિસેમ્બરે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે ૧૪મી જાન્યુઆરીથી મણિપુરથી મુંબઈ સુધી 'ભારત ન્યાય યાત્રા'નું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સમિતિએ સ્વીકાર્યું કે રાહુલ ગાંધીએ પૂર્વથી પશ્ચિમની આ યાત્રા મણિપુરથી જ શરૂ કરવી જોઈએ. રાહુલ ગાંધી પણ સમિતિમાં બનેલી સર્વસંમતિ માટે સહમત છે. ૬૫ દિવસની આ યાત્રા દરમિયાન રાહુલ અને કોંગ્રેસના અન્ય નેતાઓ ૧૪ રાજ્યો અને ૮૫ જિલ્લામાંથી પસાર થશે. ભારત જોડો યાત્રાથી વિપરીત, આ વખતે ૬,૨૦૦ કિલોમીટરની મુસાફરી બસ દ્વારા કરવામાં આવશે. કોંગ્રેસના મહાસચિવ વેણુગોપાલના જણાવ્યા અનુસાર, બસ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં સામાન્ય લોકોને રાહુલને મળવાનો મોકો મળશે. તેમણે કહ્યું કે સમગ્ર પ્રવાસ દરમિયાન સમયાંતરે ટૂંકા અંતરની ચાલનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# ખાલિસ્તાની પન્નુનો અયોધ્યામાં કાંકરીચારો કરવાનો પ્લાનઃ વડાપ્રધાનનો રોડ-શો નિશાના પર

## દેશના મુસ્લિમોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસઃ સુરક્ષા એજન્સીઓ એલર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખાલિસ્તાની આતંકવાદી ગુરપત ગુવંત સિંહ પન્નુ હવે ભારતના મુસ્લિમોને ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. અહેવાલ છે કે લેટેસ્ટ વીડિયોમાં તેણે અયોધ્યામાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના રોડ શો દરમિયાન હિંસા માટે અપીલ કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સુરક્ષા એજન્સીઓ નવીનતમ ઘટનાક્રમને લઈને એલર્ટ મોડ પર આવી ગઈ છે. પીએમ મોદી ૩૦ ડિસેમ્બરે અયોધ્યામાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેવાના છે.



મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પન્નુએ 'યુપીના મુસ્લિમો'ને ૩૦ ડિસેમ્બરે અયોધ્યામાં યોજાનાર રોડ શોને નિશાન બનાવવા કહ્યું છે. એટલું જ નહીં, તેણે મુસ્લિમોને એક નવો દેશ 'ઉર્દૂસ્તાન' બનાવવા માટે પણ કહ્યું અને આરોપ લગાવ્યો કે ટૂંક સમયમાં ભારતમાં નમાઝ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. ખાસ વાત એ છે કે પન્નુનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અયોધ્યામાં મંદિરના ઉદ્ઘાટનની તૈયારીઓ ચાલી રહી છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારત હવે આ અંગે અમેરિકા, બ્રિટન અને કેનેડા સાથે ઈનપુટ શેર કરવાની તૈયારી કરી રહ્યું છે. જોકે, આ અંગે ભારત સરકાર દ્વારા સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. ભારતે ૨૦૨૦માં પન્નુને આતંકવાદી તરીકે લિસ્ટ કર્યો હતો. આ પહેલા પણ તેણે ઘણી વખત ભારતમાં હુમલા અથવા તોડફોડની ધમકી આપી હતી.

ગયા અઠવાડિયે પણ પન્નુને પોતાને કાશ્મીરપ્રખાલિસ્તાન રેફરન્ડમ ફ્રન્ટના પ્રવક્તા ગણાવ્યા હતા. તેમણે જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય સેનાના જવાનો પરના હુમલાનું પણ સમર્થન કર્યું અને કહ્યું કે આ હુમલો 'કાશ્મીરીઓ વિરુદ્ધ ભારતની હિંસાનું પરિણામ છે.' રિપોર્ટ અનુસાર, પન્નુએ કાશ્મીરને વિવાદિત વિસ્તાર ગણાવ્યો હતો અને કહ્યું હતું કે જનમત સંગ્રહ જ ઉકેલનો એકમાત્ર રસ્તો છે. પીએમ મોદી શનિવારે અયોધ્યા પહોંચી રહ્યા છે. અહીં તેઓ એક મોટી જનસભાને સંબોધશે. આ સાથે તેઓ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ અયોધ્યા એરપોર્ટ અને અયોધ્યા રેલવે સ્ટેશનનું પણ ઉદ્ઘાટન કરશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પીએમ મોદીનો રોડ શો લગભગ ૧૫ કિલોમીટર લાંબો થવાનો છે, જે ગઇં-૨૭, ધરમ પથ, લતા મંગેશકર ચોક, રામ પથ, તેઢી બજાર થઈને અયોધ્યા રેલવે સ્ટેશન પહોંચી શકે છે.

# કોરોનાના નવા વેરિએન્ટના સૌથી વધુ ૩૬ કેસ ગુજરાતમાં નોંધાયા

## દેશમાં એકટીવ કેસની સંખ્યા ૪૦૯૩એ પહોંચીઃ રાજકોટમાં બે કેસ સામે આવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોના ઝડપથી પ્રસરતો હોય તેમ નવા-નવા રાજ્યોમાં કેસ નોંધાવા લાગ્યા છે. નવા વેરીએન્ટ જેએન-૧ કેસની સંખ્યા ૧૦૯ છે અને ચોંકાવનારી બાબત એ છે કે નવા વેરીએન્ટના સૌથી વધુ ૩૬ કેસ ગુજરાતમાં છે.

કોરોના વાયરસનું નવું સ્વરૂપ ઉંગ.૧ ભારતમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે. દેશમાં અત્યાર સુધીમાં તેનાથી સંક્રમિત ૮૩ દર્દીઓ મળી આવ્યા છે.ઉંગ.૧ દ્વારા ગુજરાતને સૌથી વધુ અસર થઈ રહી છે જ્યાં ૩૬ કેસ મળી આવ્યા છે. આ માહિતી કોવિડ સેમ્પલની જીનોમ સિકવન્સિંગ કરતી સંસ્થા




ઈંગજઅઈઘત્રઃ દ્વારા આપવામાં આવી છે.

ગુજરાત ઉપરાંત ગોવામાં ૧૪, કર્ણાટકમાંથી ૩૪, મહારાષ્ટ્રમાંથી ૯, કેરળ ૬ અને રાજસ્થાનમાંથી ૫, તમિલનાડુમાંથી ૪ અને તેલંગાણામાંથી ૨ પોઝિટિવ કેસ મળી આવ્યા છે.

આ વખતે પણ કેરળમાં કોરોના ત્રાટકતો જણાય છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં કોરોના ચેપના ૪૦૯ કેસ નોંધાયા છે. દેશમાં સંક્રમિત લોકોની કુલ સંખ્યા હવે ૪૦૯૩ પર પહોંચી ગઈ છે, જેમાંથી ૩,૦૯૬ કેસ એકલા કેરળના છે. સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, કર્ણાટકમાં કોવિડ-૧૯ના ૧૨૨ કેસ છે અને ૩ લોકોના મોત થયા છે. તે જ સમયે, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં મંગળવારે કોરોનાથી સંક્રમિત ૫૧ વર્ષીય મહિલાનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. મહિલાને પહેલાથી જ કેટલીક બીમારીઓ હતી. અધિકારીએ જણાવ્યું કે મૃતક સોમાકલાને શ્વાસની ગંભીર સમસ્યાઓ, કિડની અને વિવિધ અંગોની નિષ્ફળતા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળો વિખેરાતા ફરી ઠંડીનું પ્રમાણ વધ્યુ

## ગિરનાર પર ૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયુંઃ રાજ્યનું સૌથી ઠંડુ શહેર ૧૦ ડિગ્રી સાથે નલિયા રહ્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળો વિખેરાતા આજરોજ ફરી ઠંડીનું પ્રમાણ વધવા પામ્યું હતું. અને રાજકોટ ઉપરાંત જૂનાગઢનો ગિરનાર પર્વત અમરેલી, ડિસા, દિવ, જામનગર, અને સુરેન્દ્રનગરમાં તિવ્ર ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો.

આજરોજ પણ રાજયનું સૌથી ઠંડુ શહેર ૧૦ ડિગ્રી સાથે નલીયા રહ્યું હતું. આ ઉપરાંત ગિરનાર પર્વત ઉપર પારો ૮.૫ ડિગ્રી સુધી નીચે ઉતરી જતા પ્રવાસીઓ ઠુંઠવાયા હતા જયારે રાજકોટ જામનગર અમરેલીમાં ૧૩ ડીગ્રી લઘુતમ તાપમાન સાથે સવારે તીવ્ર ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો.




વરસાદી માહોલ વચ્ચે વાદળ છવાયું વાતાવરણ તુટયા બાદ જુનાગઢ જીલ્લા અને શહેરમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સવાર સાંજ ઠંડીનું જોર રહેવા પામ્યું છે. ખાસ ગીરનાર પર્વત ઉપર લઘુતમ તાપમાન ૮.૫ ડીગ્રી નીચે નોંધાતા પ્રવાસીઓ તેમજ ગીરનારના પગથીયા ચડી ઉતરનાર યુવક યુવતીઓને ઠંડીના ચમકારાનો અનુભવ થવા પામ્યો છે.જયારે જુનાગઢ શહેરમાં ૧૩.૪ ડીગ્રીએ ઠંડીનો પારો નીચે નોંધાયો હતો. ભેજનું પ્રમાણ ૭૯ ટકા રહેવા પામ્યું હતું.

# એમવી કેમ પ્લૂટો પર ડ્રોન એટેક કરનાર 'હુમલાખોરોને પાતાળમાંથી શોધી લાવીશુંઃરાજનાથ સિંહની ખુલ્લી ચેતવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શનિવારે ભારત આવી રહેલા માલવાહક જવાજ પર કરવામાં આવેલા ડ્રોન હુમલા પર ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહે આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ભારત સરકાર આ હુમલાને ગંભીરતાથી લઈ રહી છે, જેમણે પણ આ હુમલાને અંજામ આપ્યો છે તેમને અમે દરિયાના પેટાળમાંથી શોધી લાવીશું.

મંગળવારે INS Imphalના કમીશનિંગ દરમિયાન રક્ષા મંત્રીએ કહ્યું કે, આજકાલ દરિયામાં હલચલ કંઈક વધારે થઈ રહી છે. ભારતની વધતી આર્થિક અને વ્યૂહાત્મક તાકાતોએ કેટલીક તાકાતોને ઈર્ષ્યા અને દ્વેષથી ભરી દીધી છે. અરબ સાગરમાં હાલમાં થયેલા ખટ કેમ પ્લૂટો



પર ડ્રોન હુમલા અને કેટલાક દિવસો પહેલા લાલ સાગરમાં ખટ સાઈ બાબા પર થયેલા હુમલાને ભારત ખુબ જ ગંભીરતાથી લઈ રહ્યું છે.

રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે, ભારતીય નૌસેનાની દરિયાઈ દેખરેખ વધારી દેવાઈ છે. જેમણે પણ આ હુમલાને અંજામ આપ્યો છે. તેમને અમે દરિયાના પેટાળમાંથી શોધી લાવીશું અને તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે એમ પણ કહ્યું કે, ભારત આખા ઈન્ડિયન ઓશિયન રીઝન (IOR)dp,, Net Security Providerની ભૂમિકામાં છે. અમે નક્કી કરીશું કે, આ વિસ્તારમાં થનારો દરિયાઈ વેપાર સમુદ્રથી લઈને આકાશની ઉંચાઈઓ સુધી પહોંચશે. તેના માટે અમે મિત્ર દેશોની સાથે મળીને જ્યફ કફક્ષયતને મેરિટાઈમ કોમર્સ માટે Safe અને Secure બનાવી રાખીશું.

શનિવારે અરબ સાગરમાં ખટ કેમ પ્લૂટો પર ડ્રોનથી હુલો કરવાના સમાચાર આવ્યા હતા. આ જહાજ સાઉદી અરબના એક પોર્ટથી ભારતના મંગલૌર આવી રહ્યું હતું. આ હુમલો ગુજરાતના વેરાવળથી ૨૦૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં કરાયો હતો.

રિપોર્ટ અનુસાર, આ વ્યાપારિક જહાજ પર માસ્ટર સહિત ૨૧ ભારતીય અને એક નેપાળી નાગરિક સવાર હતા. ડ્રોન હુમલા બાદ જહાજમાં આગ લાગી ગઈ હતી, પરંતુ સમય સર તેને બુજાવી દેવાઈ હતી.

અમેરિકન રક્ષા વિભાગે ડ્રોન હુમલા માટે ઈરાનને જવાબદાર ગણાવ્યું હતું. CHEM પ્લૂટો નામના આ જહાજ પર લાઈબેરિયાઈ ઝંડો લાગેલો હતો, જેની માલિકી જાપાનની કંપની પાસે છે અને નેધરલેન્ડથી સંચાલિત થાય છે.

આ હુમલાને લઈને કેટલાક પ્રકારના સવાલ ઉઠી રહ્યા છે અને તમામ આશંકાઓ વ્યક્ત કરાઈ રહી છે. પહેલા શંકા ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહિઓ પર છે. કારણ કે ખટ કેમ પ્લૂટો જહાજ પર આ હુમલો એવા સમયે થ્યો છે જ્યારે હાલમાં ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહિઓએ લાલ સાગર થઈને જનારા જહાજોને નિશાન બનાવવાની ચેતવણી આપી હતી.

હૂતી વિદ્રોહિઓએ લાલ સાગરમાં કેટલાક વ્યાપારિક જહાજોને પોતાના નિશાન પણ બનાવ્યા હતા. જેના કારણે વ્યાપારિક જહાજોનો રૂટ બદલવા માટે મજબૂર થવું પડી રહ્યું છે. હજુ ગત નવેમ્બરમાં જ હૂતી વિદ્રોહિયોએ લાલ સાગરમાં એક માલવાહક જહાજને પણ હાઈજેક કર્યું હતું.

# જમ્મુ-કાશ્મીર એલઓસી પાસે આગ લગાડી ત્રાસવાદીઓને ઘુસાડવાનું ષડયંત્ર

## ત્રાસવાદીઓને આગના કવરમાં ઘુસાડવાના પ્રયાસને નિષ્ફળ બનાવતું ભારતીય સૈન્ય

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરમાં સતત વધી રહેલા ત્રાસવાદી હુમલા અને જવાનોની શહીદી છતા છેલ્લા એક સપ્તાહમાં સુરક્ષાદળોના જબરા ઓપરેશન છતા પણ સફળતા નહી મળતા હવે સમગ્ર રાજયમાં જયાં જયાં ત્રાસવાદી પોકેટ છે ત્યાં ખાસ ઓપરેશન માટેની વ્યુહરચના છે તે સમયે જ પાકિસ્તાને હવે રાજયમાં ત્રાસવાદીઓને ઘુસાડવા જંગલમાં આગ લગાડી તેની પાકમાં ત્રાસવાદીઓને ઘુસાડવાના પ્રયાસ શરૂ કરી છે.

પાક. રેન્જર્સના આ પ્રયાસો પુંછ અને



અખ્નૂર ક્ષેત્રમાં ત્રાસવાદી હરકતો વધી છે એ ક્ષેત્રમાં આવેલા ગાઢ જંગલમાં ભારે પણ લગાડવામાં આવી છે અને તે માંગ છેક પુંછમાં ભારતીય સીમામાં આવેલી સૈન્ય ચોંકી સુધી પહોંચી જતા સેનાને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે.પુંછ રાજૌરી સહિતના જંગલોમાં હાલ ગાઢ શિયાળાના સમયમાં આ પ્રકારની વિશાળ આગએ અત્યંત અસામાન્ય ઘટના છે અને તેથી તે આગ ત્રાસવાદીઓને ઘુસાડવા માટે 'કવર' જેવું કામ કરે તેવું નિષ્ણાંત માનવું છે. આપણે હવે સરહદી ગામડાઓને પણ સુરક્ષિત કરવા માટે ખાસ પ્રયાસો થયા છે.

# પ. બંગાળમાં ભાજપે નવી વ્યૂહનીતિ ઘડી! લોકસભા ચૂંટણી માટે નવી કોર કમિટીની કરી રચના

## ભાજપનો ઉદ્દેશ્ય પશ્ચિમ બંગાળમાં શક્ય તેટલી વધુ લોકસભા બેઠકો જીતવાનો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી નજીક આવી રહી છે. તમામ પક્ષ પોતાની વ્યૂહનીતિ ઘડવામાં વ્યક્ત છે. આ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. જ્યા તેમણે ભાજપના નેતાઓ સાથે બેઠક યોજી હતી, જેને લઈને હવે મોટા અપડેટ સામે આવ્યા છે.

ભાજપે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળમાં નવી કોર કમિટીની રચના કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ દ્વારા ૧૫



સભ્યોની ચૂંટણી કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીમાં પશ્ચિમ બંગાળના ૧૦ નતાઓ અને પાંચ કેન્દ્રીય નેતાઓ હશે. ભાજપનો ઉદ્દેશ્ય રાજ્યમાં શક્ય બને તેટલી લોકસભા બેઠક જીતવાનો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પશ્ચિમ બંગાળની તમામ ૪૨ બેઠકો જીતવા માટે નેતાઓ સાથે મેરેથોન બેઠક કરી હતી. ભાજપના બંને વરિષ્ઠ નેતાઓએ એક-એક બેઠક માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે રાજ્યના અધિકારીઓ અને સંગઠનો સાથે ઘણી બેઠકો યોજી હતી અને સામાન્ય ચૂંટણીઓ પહેલા સંગઠનાત્મક તાકાતનું પણ મૂલ્યાંકન કર્યું હતું. એવું માનવામાં આવે છે કે, નજીકના ભવિષ્યમાં કેન્દ્રીય નેતાઓ વડપ્રધાન, કેન્દ્રીય ગૃહમંત્રી અને પક્ષ અધ્યક્ષ રાજ્યની મુલાકાત લેતા રહેશે.

# ભાણવડના બરડા ડુંગરમાં ધમધમતી દેશી દારૂની બે ભઠ્ઠી પર પોલીસ ત્રાટકી

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા ભાણવડના બરડા ડુંગરમાં વાગડીયાનેસ પાસે ગઈકાલે સ્થાનિક પોલીસે દરોડા પાડતા બે સ્થળેથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી છે. બંને સથળેથી ત્રણ-ત્રણ હજાર લીટર આથો તથા તૈયાર દેશી દારૂ કબ્જે કરવામાં આવ્યો છે. બંને ભઠ્ઠીના સંચાલક દરોડા પહેલાં નાસી જવામાં સફળ થયા છે. દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલા બરડા ડુંગરમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીઓ ધમધમતી હોવાની બાતમી પરથી ગઈકાલે ભાણવડ પોલીસ સ્ટેશનના સ્ટાફે



પીએસઆઈ એમ.આર. સવસેટા, પીએસઆઈ એમ.કે. ગઢવી, પીએસઆઈ પી.આર. કારાવદરાના વડપણ હેઠળ દરોડા પાડ્યા હતા.બરડા ડુંગરમાં આવેલા વાગડીયાનેસ અને વી નેસ વચ્ચે કાનમેરા ડુંગર નજીક ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. ત્યાંથી ત્રણ હજાર લીટર આથો તથા તૈયાર ૧૨૦ લીટર દારૂ મળી આવ્યો હતો. જ્યારે તેની બાજુમાંથી જ બીજી ભઠ્ઠીમાંથી પણ તૈયાર ૧૨૦ લીટર દારૂ અને ત્રણ હજાર લીટર આથો મળ્યો હતો. બંને ભઠ્ઠીના સંચાલક ધામણીનેસવાળા જયેશ કારા રબારી અને કમલેશ રામા રબારી નાસી જવામાં સફળ થયા હતા. પોલીસે દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો કબ્જે કર્યા હતા.

# ઊનામાં મહિલાના ગળામાંથી ચેઇનની ચિલઝડપ કરનાર માતા–પુત્રી ઝબ્બેઃ પોલીસે કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** પ્રાત માહિતી મુજબ ઉના શહેર સવારના દસેક વાગ્યાના અરસામાં ઉના ટાવર ચોક પાસે બજારમાં શાકભાજી લેવા ગયેલ લાખીબેન પુનાભાઇ ભ મૈયા પંચવટી નગર પારસ સોસાયટ વાળા શાકભાજી લઇ સાડાદસ થી અગિયારેક વાગ્યે ફરસાણ ની દુકાને મીઠાઇ લેવા ગયેલ અને મીઠાઇ લઇ ઘરે ગયેલ તે વખતે જોયેલ કે ગળામાં ત્રણ તોલાનો સોનાનો ચેઇન જેની અંદાજે ૧.૪૦ લાખનો પહેરેલ હતો તે જોવામાં આવેલ નહી જેથી બજાર માં ગયેલ તે વખતનુ બધુ યાદ કરતા ફરસાણ ની દુકાને મીઠાઇ લેવા ગયેલ



હતી તે વખતે પોતાની બાજુમાં એક અજાણી મહિલાએ એ તેના હાથમાં નો કોટ લાખીબેન નાં ખંભા ઉપર બે વખત ઘસેલો તે દમ્યાન ગળામાં પહેરેલ સોનાનો ચેઇન ઝુંટવી લીધેલ હતો. પરંતુ તે વખતે કોટના ઘસરકામાં લાખીબેન ને આ ચેઇન ખેચાવાનો અહેસાસ થયેલ થયેલ નહીં ત્યાર બાદ આ પરીવારના માણસોએ ફરસાણની દુકાનના કેમેરા ચેક કરતા સી સી કેમેરા માં અજાણી મહિલાએ લાખી બેન નો પીછો કરી પાછળ આવેલ અને ગળામાંથી સોનાનો ચેઇન કોઇપણ રીતે કાપીને સીફતપુર્વક કોટના ઘસરકાની આડશમાં લઇ ઝુટવી (સેરવી) ત્યાંથી જતી રહેલ હોવાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરા જોવાં મળતાં આ અજાણી મહિલા ચેઇન લઇ ગયેલ હોય એલસીબીની ટીમે રાજકોટના માતા–પુત્રીને ઝડપી લીધા હતા. આ બંને દીવ ફરવા આવ્યા હોય અને ચીલઝડપ કરી હોવાનું બહાર આવ્યું હતું. ચેઈન કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં જી .જી.હોસ્પિટલ પરિસરમાં પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાના કાર્યનો શુભારંભ કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર પાલિકાની સ્લમ શાખા દ્વારા ગુડ ગવર્નન્સ ડે ના રોજ અને ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન ૨.૦ ના પ્રારંભના શુભ અવસરે જામનગર શહેરમા નવા એસપીરેશનલ પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરાયો હતો.

જે અંતર્ગત જામનગર શહેરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલના પરિસરમા પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાના કામનુ ખાતમુહૂર્ત ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર વિનોદભાઈ ખીમસૂરયા, ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસક પક્ષ નેતા આશિષભાઈ જોશીની ઉપસ્થિતિમાં કરવામા આવ્યુ



હતું.આ કાર્યક્રમમા જી.જી. હોસ્પિટલના ડીન નંદિનીબેન દેસાઈ, તબિબી અધિક્ષક ડો. દિપકભાઈ તિવારી તથા ટીમ અને સ્લમ શાખાના નાયબ ઈજનેર અશોક જોશી અને ટીમ પણ હાજર રહી હતી, આ પ્રસંગે બંને ધારાસભ્ય ગુણવત્તા યુક્ત બાંધકામ કરવા અને જરૂર પડ્યે ગ્રાંટ ફાળવશે તેમ જણાવ્યું હતું

# થર્ટી ફર્સ્ટ પૂર્વે કાલાવડ પોલીસનો સપાટોઃ વિદેશી દારુની ૧૮૬૦ બોટલ સાથે બે શખ્સ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડ કોઠા ભાડુકીયાની સીમમાં થર્ટી ફર્સ્ટ પુર્વે ગ્રામ્ય પોલીસનો સપાટો : કુલ ૨૦.૧૧ લાખનો મુદામાલ કબ્જે એક શખ્સની સંડોવણી ખુલી.થર્ટી ફર્સ્ટ પુર્વે પોલીસ વિભાગ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં બુટલેગરો અને દારુની હેરાફેરી કરનારા શખ્સો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, છેલ્લા અઠવાડીયા દરમ્યાન અલગ અલગ વિસ્તારોમાંથી ઇંગ્લીશ દારુ સાથે શખ્સોને પકડી લેવાયા છે, દરમ્યાન કાલાવડ ગ્રામ્ય પોલીસ દ્વારા કોઠા ભાડુકીયાની સીમમાં બલભદ્રસિંહ જાડેજાની વાડીમાં એક બાતમીના આધારે દરોડો પાડીને વિદેશી દારુની ૧૮૬૦ બોટલ, થાર ગાડી, ૫ મોબાઇલ, ૧ બાઇક મળીને કુલ ૨૦ લાખનો મુદામાલ



કબ્જે કરવામાં આવ્યો હતો બે શખ્સને દબોચી લઇને પુછપરછ કરવામાં આવી રહી છે. દારુનો જંગી જથ્થો ઝડપાતા ચકચાર મચી જવા પામી છે.રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને જામનગર જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુની સુચનાથી દારુ, જુગારના કેશો શોધી કાઢવા અને પ્રોહી ડ્રાઇવ રાખવામાં આવી હોય, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા અને સીપીઆઇના માર્ગદર્શન હેઠળ આ દિશામાં કાલાવડ ગ્રામ્ય પીએસઆઇ એચ.વી. પટેલ અને સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યુ હતું દરમ્યાન પીએસઆઇ પટેલ તથા કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત મળેલ કે કાલાવડના કોઠા ભાડુકીયા ગામમાં બળુભા પ્રવિણસિંહ જાડેજાની ભોગવટાની વાડીએ ગેરકાયદે ઇંગ્લીશ દારુનુ કટીંગ થાય છે.

આ બાતમીના આધારે પંચો સાથે હકીકતવાળી જગ્યાએ પોલીસે રેઇડ કરતા ઇંગ્લીશ દારુનો જથ્થો મળી આવ્યો હતો, પોલીસે અંગ્રેજી દારુની ૧૮૬૦ બોટલ જેની કિ. રૂા. ૯.૩૦ લાખ તથા થાર ગાડી, ૧ મોટર સાયકલ અને ૫ મોબાઇલ મળી કુલ ૨૦.૧૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.દરોડા દરમ્યાન કોઠા ભાડુકીયાના બળભદ્રસિંહ ઉર્ફે બળુભા પ્રવિણસિંહ જાડેજા અને રાજકોટના મોરબી રોડ રામધામ સોસાયટી, રતનપર ગામના કુલદીપસિંહ નરેન્દ્રસિંહ જેઠવા નામના બે શખ્સોને દબોચી લીધા હતા, જયારે રાજકોટનો શની રાવત આહીર નાશી છુટયો હતો. આ કામગીરી પીએસઆઇ પટેલ, સ્ટાફના વી.જે. જાદવ, બી.એ. જાડેજા, અલ્તાફભાઇ સમા, કુલદીપસિંહ જાડેજા, માલદીવસિંહ ઝાલા, પુષ્પરાજસિંહ જાડેજા, દિગ્વીજયસિંહ જાડેજા તથા પ્રકાશભાઇ બોરીચા દ્વારા કરવામાં આવી હતી.થર્ટી ફર્સ્ટ પુવે અલગ અલગ વિસ્તારોમા પોલીસ દ્વારા દારુ અંગે દરોડા પાડવામાં આવી રહયા છે ગઇકાલે સાધના કોલોનીમાથી ૧૪ પેટી વિદેશી દારુ અને ૩૫ લીટર દેશી દારુ કબ્જે કર્યો હતો આ ઉપરાંત ઇંગ્લીશ દારુની બોટલોની હેરાફેરી કરનારા શખ્સોને પકડી લેવામાં આવ્યા છે અને પીધેલાઓ બાબતે ચેકીંગ કરવામાં આવી રહયુ છે ઉપરાંત દેશી દારુ અંગે પણ શહેર વિસ્તારમાં દરોડા પાડવામાં આવ્યા હતા, દરમ્યાન કાલાવડ પંથકમાં મોટો દારુનો જથ્થો પકડવામાં પોલીસને સફળતા મળી છે

# મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોરના જન્મ દિવસ નિમિત્તે શાળાની બાળાઓને ભોજન સાથે ફિલ્મ દેખાડાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીનું યંગ ઈન્ડિયા ગ્રૂપ અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતું છે.યંગ ઇન્ડિયા ગ્રુપે એક અલગ ચીલો ચાતરી જન્મ સાચા અર્થમાં જન્મદિવસની ઉજવણી કેવી રીતે થાય? એની સમજ આપી છે.યંગ ઈન્ડિયા ગ્રૂપના કાર્યકર્તાઓ પોતાના જન્મદિનની ઉજવણી માત્ર પોતાના પરિવાર પૂરતી મર્યાદિત ન રાખતા જરૂરિયાતમંદો માટે સલ્મ વિસ્તારમાં વસતા પરિવારોને ભોજન કરાવી જન્મદિનની ઉજવણી કરતા હોય છે,તેમજ યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા વેલેન્ટાઈન ડે ને વાત્સલ્ય દિવસ તરીકે ઉજવણી કરવા ગરીબ બાળકોને મોંઘી ગાડીઓમાં જોય રાઈડ કરાવવી, સંકલ્પ નવરાત્રી મહોત્સવ,રક્તદાન કેમ્પ, ગરીબ પરિવારો માટે દવા





આપવી, ગીતા જ્ઞાન કસોટી, મેડિકલ કેમ્પ, કુદરતી કે માનવ સર્જીત આપત્તિઓ વખતે રસોડા ચલાવી ભોજન પૂરું પાડવું, લોકોને રેસ્ક્યુ કરવા,યુવા જ્ઞાનોત્સવ અંતર્ગત સેલિબ્રિટી, મોટી વેંશનલ સ્પીકરને બોલાવી લોકોને જીવન જીવવાની કળા શીખવવી,વકતૃત્વ સ્પર્ધા,કોરોના કાળ દરમ્યાન કોવિડ સેન્ટર વગેરે જેવા ૨૦૦ થી વધુ સેવાકીય પ્રકલ્પો દ્વારા જન જન સુધી પોતાની સેવાની સુવાસ પહોંડી છે ત્યારે યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર અને ફાઉન્ડર દેવેનભાઈ રબારીના જન્મદિવસ નિમિત્તે પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળાની ધો.૬ થી ૮ ની ૧૫૦ જેટલી બાળાઓને હરી ૐ હરી ગુજરાતી ફિલ્મ દર્શન કરાવ્યું હતું.અને બાળાઓને ભાવતા ભોજન કરાવ્યા હતા. બાળાઓ શાળાએથી સ્કાય મોલ સુધી લાવવા લઈ જવા માટે સીટી બસની સુવિધા પૂરી પાડી હતી. ફિલ્મ દર્શન કરી બાળાઓ ખુબજ ખુશ થઈ હતી.અને દેવેનભાઈને રિટર્ન ગિફ્ટ આપી જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાત્રીના સમયે મળી આવેલ અસ્વસ્થ વૃદ્ધાનું પરિવાર સાથે મિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, એક શારીરિક તથા માનસિક અસ્વસ્થ મહિલા જામનગરના પવનચક્કી રોડ પર રાત્રીના સમયે એકલા બેઠા હોય જે બાબતની જાણ એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનને કરેલ.જેથી સ્થળ પર પહોંચી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇને મહિલાની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખી તેઓને જામનગર સખી વન સ્ટોપ સેન્ટર પર લઇ આવવામાં આવેલ અને જણાવેલ કે આ મહિલા ભૂલા પડી ગયેલ છે તેમજ અન્ય કોઈ પ્રતિસાદ આપી શકતા નથી તેમજ તેઓને પોતાનું સરનામુ પણ યાદ નથી. તમામ વિગતો ધ્યાને લઈ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય આપવામાં આવેલ અને સેન્ટરના કર્મચારીઓ દ્વારા આ મહિલાને યોગ્ય હુંફ અને શાંત્વના આપવામાં આવી. ત્યારબાદ સેન્ટરના કર્મચારીઓએ મહિલાનું કાઉન્સેલિંગ કરતા જણાયું કે, બહેન ગભરાયેલ છે અને કોઈ યોગ્ય પ્રતિસાદ આપી શકતા નથી. આથી



મહિલાનું કાઉન્સેલિંગ કરવામાં પણ કર્મચારીઓને ખૂબ મુશ્કેલી ઉભી થઇ. સખી વન સ્ટોપના કર્મચારી દ્વારા મહિલાને પૂરતો સહયોગ અને આશ્વાશન આપવામાં આવ્યું અને બીજા દિવસે ફરી સેન્ટરના કર્મચારી દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ ત્યારે મહિલાએ જણાવ્યું કે તેઓ મૂળ જામનગરના વતની છે. તેઓને સંતાનમાં બે પુત્રો છે.મોટા પુત્ર અમિતભાઈ અને નાનો પુત્ર અલ્કેશભાઈ છે અને બહેન તેમના મોટા પુત્ર સાથે પવનચક્કી વિસ્તારમાં રહે છે અને તેઓ તેઓ જ્ઞાતિએ સુથાર છે.સેન્ટર દ્વારા મહિલા પાસેથી મળેલ માહિતીના આધારે તેમના પરિવારજનોને શોધવાનો પ્રયત્ન શરૂ કરેલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને બહેનના પરિવારને શોધવાનો પ્રયાસ કરેલ તથા સુથારસમાજના અગ્રણીઓને ફોન કરીને બહેન અંગે તપાસ કરેલ અને તેમના સમાજના ગૃપમાં બહેનનો ફોટો મોકલેલ, પરંતુ તેઓ પાસેથી જાણકારી મળી કે બહેનનું મુળગામ માધાપુર હોય, તેઓ પાસે પુરતું સરનામું કે મોબાઈલ નંબર ન હોવાથી પુરતી કોઈ જાણકારી મળી શકી નહી. ત્યારબાદ સેન્ટરના કેન્દ્ર સંચાલક દ્વારા બહેનને લઈને શહેરના ગોકુલનગર, કિશાનચોક અને પવનચક્કીના વિસ્તારોમાં બહેનના પરિવાર અંગે તપાસ કરેલ, આખરે ખંભાળીયા ગેટ પાસેની કનખરા સમાજની વાડી પાસે બહેનના પુત્રના મિત્ર દ્વારા બહેનની ઓળખ કરાયેલ અને પરિવારજનોને ફોન કરી જાણ કરવામાં આવેલ.જેથી થોડીવારમાં બહેનના બંને પુત્રો આવેલ અને 'સખી' વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક હેતલબેન દ્વારા બહેનના પુત્રો સાથે વાતચીત કરતા જાણવા મળેલ કે બહેન સાંજના સમયે ઘરેથી નીકળી ગયેલ અને તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોવાથી ખૂબ શોધવા છતાં મળી શકેલ નહીં.આમ સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક તથા કેસ વર્કર સેનીયર દિવ્યા દ્વારા મહિલાને તેઓના પુત્રોને સોંપી તઓનુ પરિવાર સાથે પુન:મિલન કરાવેલ. અને તેમના માતા સહી સલામત મળી જતા તે બંને દીકરાએ ખુશ થઇને જામનગર સખી વન સ્ટોપ સેન્ટરના તમામ કર્મચારીઓનો હદયપૂર્વક આભાર વ્યકત કરેલ.

# મોરબીની રીલીફનગર સોસાયટીની ગટરો સાફ સફાઈ કરવાની માંગ સાથે કલેક્ટરને પાઠવાયું આવેદન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રીલીફનગર વિસ્તારમાં ગટરો ઉભરાઈને ઘરોમાં ગટરોનું પાણી આવે છે. તેમજ બદબુદાર પાણી સોસાયટીના રોડ ઉપર ઉભરાયને ભરાય છે. જેની વહેલી ટકે સાફસફાઈ કરાવવામાં આવે તેવી માંગ સાથે મોરબીના સામાજિક કાર્યકરો દ્વારા મોરબી જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવવામાં આવ્યું હતું. તેમજ આ વિસ્તારમાં મહાદેવનું મંદિર આવેલ હોય ત્યાં જ ગટરનું પાણી ભરાયેલ રહેવાથી હિન્દુઓની લાગણી દુભાતી હોય જેને લઇ લાગતા વળગતા કર્મચારીઓને સૂચન કરી સાફ-સફાઈ કરાવવા માંગ કરવામાં આવી છે.

મોરબીના સામાજીક કાર્યકર રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, અશોકભાઈ ખરચરીયા, સેતા ચિરાગ મનોજભાઈના જણાવ્યા અનુસાર, મોરબીમાં રીલીફનગર બ્લોક નં.-૩૦ થી ૪૦ / ૭૩ થી ૮૦ વચ્ચેની ગટરો ઉભરાઈને ઘરોમાં ગટરોનું પાણી આવે છે. તેમજ બદબુદાર પાણી સોસાયટીના રોડ ઉપર ઉભરાયને ભરાય છે. જેને લઇ છેલ્લા ૩ થી ૪ માસથી વારંવાર સોસાયટીની મહિલાઓ દ્વારા આ બાબતની સામાકાંઠે કુળદેવીની સામે આવેલ ડેનેજની ઓફીસે રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોવાનો આક્ષેપ કરાયો છે. આ વિસ્તારમાં જ યોગેશ્વર મહાદેવનું મંદિર આવેલ હોય જ્યાં ભકતો દિવસ દરમ્યાન દર્શન અર્થે જતા હોય ત્યારે રસ્તામાં ઉભરાતી ગટરોના ગંદા પાણીના લીધે લોકોને ગંદાપાણીમાં પગ મુકીને પસાર થવું પડે અને તેથી મંદીર જવામાં હાલાકીનો સામનો કરવો પડે છે અને આજુબાજુના રહેઠાણ એરીયામાં પણ રહેતા સોસાયટીના લોકોને પણ ઘરમાં પાણી ભરાય જાય જાય છે અને અતીશય દુર્ગંધ મારે છે. તેથી રોગચાળાનો ભય સ્થાનિકોમાં ફેલાયેલો રહે છે. અને ભુગર્ભ ગટર બ્લોક થઈ ગયેલ હોય જે સાફ કરાવો તેના લીધે જ ગટરનું પાણી રોડ ઉપર આવે છે. તેવી સ્થાનિકો દ્વારા માંગ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, મોરબી-માળિયા મત વિસ્તારના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દર અઠવાડીયે મોરબી નગરપાલીકામાં કર્મચારીઓની સાથે મીટીંગ યોજે છે. તેમ છતાં હજુ સુધી મોરબીની એક પણ સમસ્યાનો નિકાલ થયેલ ન હોવાનો આક્ષેપ સમાજસેવકો દ્વારા કરાયો છે. અને આ બાબતમાં ૪ દિવસમાં જો ભુગર્ભ ગટરનો નિકાલ નહીં કરવામાં આવે તો મોરબી નગરપાલીકાની અંદર ગટરના પાણી અહીંના સોસાયટીના લોકોને સાથે રાખીને ગંદા પાણી નગરપાલીકાની ચેમ્બરમાં ઠલાવવામાં આવશે અને હલ્લાબોલ કરવામાં આવશે, તેવી સામાજીક કાર્યકર રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, અશોકભાઈ ખરચરીયા, સેતા ચિરાગ મનોજભાઈ દ્વારા ચીમકી પણ ઉચ્ચારાઈ હતી.

# ઊનામાં અશ્લીલ વિડિયો સોશિયલ મિડિયામાં વાયરલ કરવાની ધમકી આપી બળજબરીપૂર્વક પૈસા પડાવનાર શખ્સ ગણતરીની કલાકમાં પકડાયો

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ડી.આઇ.જી. નીલેશ જાજડીયા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા તથા મદદનિશ પોલીસ અધિક્ષક જે.એમ.અગ્રવાલ ઉના વિભાગ ઉના નાઓના આદેશ તથા ઉના પોલીસ સ્ટેશન થાણા અધિ. પોલીસ ઇન્સ્પેકટર એન.કે.ગોસ્વામી નાઓની સુચના તથા જરૂરી ઉચિત માર્ગદર્શન થકી ઉના પોલીસ સ્ટેશનના ગુના રજી.નં.૧૧૧૮૬૦૦૮ ૨૩૧૯૦૦/૨૦૨૩ IPC ૩૮૪ મુજબનો ગુનો ગઇ તા.૨૫/૧૨/૨૦૨૩ના કલાક ૨૦/૨૦ વાગ્યે જાહેર થયેલ જેમાં ફરિયાદીને આ કામના આરોપીએ તેના મોબાઇલ નં. +૧ (૩૧૫) ૬૮૮-૭૭૬૯ ઉપરથી મેસેજ તથા વ્હોટસએપ કોલથી રૂ.૮,૦૦૦/-હજાર



આપી જાવાનું કહેતા પ્રથમ રૂ.૩,૦૦૦/- આપેલ અને હજુ બાકીના રૂ.૫,૦૦૦/- નહીં આપે તો કોઇ અશ્લિલ વીડયો સોશયલ મીડીયામાં વ્હોટસએપ તેમજ યુટયુબમાં વાયરલ કરવાનું કરહી બળજબરી પુર્વક પૈસા કઢાવવા બાબતનો અનડીટેક ગુનો ગણતરીના સમયમાં ડીટેક કરી આરોપી મોહીનખાન હુશેનખાન પઠાણ,મુસ્લિમ ઉ.વ.૨૦ ધંધો વેપાર રહે.નીચલા રહીમનગર,રહીમી મસ્જીદની સામે, વાળાએ ફરિયાદી પાસેથી બળજબરીથી મેળવેલ રૂપિયા ૩,૦૦૦/- તથા ગુનો કરવામાં ઉપયોગમાં લીધેલ એન્ડ્રોઇડ મોબાઇલ ટશક્કા કિ.રૂ.૧૪,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

આ કામગીરી- એ.એસ.આઇ. જગદિશભાઇ એલ. વાઘેલા તથા સર્વેલન્સ એ.એસ.આઇ. પ્રદિપસિંહ હરિસિંહ રાયજાદા તથા એ.એસ.આઇ.ભાવેશભાઇ કરશનભાઇ ખસીયા

# મોરબી ખાતે આગામી ૨૯ ડિસેમ્બરના રોજ ઔદ્યોગિક ભરતીમેળો યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવા ઇચ્છુક ઉમેદવારો જોગ રોજગાર વિનિમય કચેરી-મોરબી દ્વારા તા.૨૯-૧૨-૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, શ્રી યુ.એન.મહેતા આર્ટસ કોલેજ, નજરબાગ રેલ્વે સ્ટેશન પાસે, ભડિયાદ રોડ, મોરબી-૨ ખાતે તાલુકા કક્ષાનાં ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં મોરબી જિલ્લાના ખાનગી ક્ષેત્રના વિવિધ નોકરીદાતાઓ ઉપસ્થિત રહીને વિનામુલ્યે પસંદગીની કાર્યવાહી કરશે. ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવા ઇચ્છુક, નોનમેટ્રીક / એસએસસી / એચએચસી / આઇટીઆઇ / સ્નાતક વગેરેની લાયકાત ધરાવતા તથા ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારોએ તેમના તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ, આધારકાર્ડ, બાયોડાટા વગેરે સાથે સ્વખર્ચે ભરતીના સ્થળે, નિયત સમયે અને તારીખે અચુક ઉપસ્થિત રહેવું. રોજગાર વિનિમય કચેરી ખાતે નામ નોંધણી નહીં કરાવેલ ઉમેદવારો પણ હાજર રહી શકશે તેમ મોરબી જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં એનએસયુઆઈ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનો આરંભ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં એનએસયુઆઈ દ્વારા આંતર કોલેજ રાત્રિ પ્રકાશ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેના આરંભ પ્રસંગે પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા, આયોજકો યુવા કોંગ્રેસ પ્રમુખ ડો. તૌસીફખાન પઠાણ, ગુજરાત કોંગ્રેસ યુવા મંત્રી શક્તિસિંહ જેઠવા, એનએસયુઆઈના ગુજરાત મહામંત્રી મહિપાલસિંહ જાડેજા, જામનગર શહેર પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ,







જિલ્લા પ્રમુખ સન્નીભાઈ આચાર્ય, કોંગ્રેસના પ્રદેશ અગ્રણી સારાબેન મકવાણા, કોર્પોરેટર જેનબબેન ખફી, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, યુવા કોંગ્રેસ તથા એનએસયુઆઈના કાર્યકરો, ક્રિકેટ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# હળવદમાં કોર્ટ મુદતે આવેલા બે સગાભાઈ પર છરીથી હુમલો કરી ફાયરીંગ કરાયું



**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના મંગળપુર ગામે બઘડાટી બોલ્યાની લ્યિાની ઘટના હજુ તાજી જ જ છે છે ત્યારે સવારે નામદાર હળવદ કોર્ટ ખાતે મુદતે આવેલા બે યુવાનો ઉપર પાંચથી છ જેટલા શખ્સોએ હીંચકારો હુમલો કરી બંદૂક તાણી ફાયરિંગ કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ ફાયરિંગ ન થતા છરીથી ઈજા પામેલ યુવાન બંદૂક ઝુંટવી લોહીલુહાણ હાલતમાં કોર્ટમાં દોડી જતા માંડ જીવ બચ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ હળવદ કોર્ટમાં મુદતે આવેલા દેવળીયા ગામના પ્રધુમ્નસિંહ દસરથસિહ પરમાર અને પંકજસિહ દસરથસિહ પરમાર નામના બે સગાભાઈ એવા યુવાનો કોર્ટમાંથી મુદત પૂર્ણ કરી બહાર નીકળતા જ કારમાં ધસી આવેલ પાંચથી છ શખ્સ ધારીયા, છરી અને બંદૂક સાથે આ બન્ને યુવાનો ઉપર છરી લઈને તૂટી પડતા બન્ને ઇજાગ્રસ્ત બન્યા હતા. જે બાદ હુમલાખોરોએ બંદૂક કાઢી ફાયરિંગ કરવા પ્રયાસ કરતા એક ઇજાગ્રસ્ત યુવાન બંદૂક ઝુંટવી જીવ બચાવવા કોર્ટમાં દોડી ગયો હતો. બનાવની જાણ થતાં જ હળવદ પોલીસ બનાવની જાણ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો છે અને લોકોના ટોળા પણ કોર્ટ ખાતે ઉમટી પડયા હતા. આ ઘટના બાદ દેવળીયા ગામના હુમલાખોરો કાર રેઢી મૂકી નાસી ગયા હતા અને બન્ને ઇજાગ્રસ્તને હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા છે.

# ધ્રાંગધ્રાના કોઢ ગામે યુવાનને અમેરિકાના વિઝા નહિ મળતા આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધ્રાંગધ્રાના કોંઢ ગામે રહેતાં યુવકને અમેરિકાના વિઝા કેન્સલ થયાનું માઠું લાગી આવતા તેને પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લેતાં તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેને આજ રોજ સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ વિગતો મુજબ ધ્રાંગધ્રાના મોટો ભાઇ ચાર માસ પૂર્વે અમેરિકા જતો રહ્યો હતો પરંતુ યુવકને વીઝા ન મળતા ઝેરી દવા ગટગટાવી લીધી 'તી સારવારમાં સમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત કોંઢ ગામે રહેતા મુસ્તાકીન મજીદભાઈ મુલતાણી (ઉ.વ.૨૨) નામના યુવાને ગઇકાલે ઝેરી દવા પી લેતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિં દમ તોડી દેતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે આ બનાવ મામલે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મુસ્તાકીને ભરૂચ રહી ગાદલાનું કામ કરતો હતો. . થોડા દિવસ પહેલા જ તે વતન કોંઢ ગામે આવ્યો હતો. તેના પિતા ગાદલાનું કામ કરે છે. મુસ્તાકીનને અમેરીકા જવું હોઈ વીઝા મુક્યા હતાં. તેના મોટા ભાઈના વીઝા અગાઉ ચાર મહિના પહેલા પાસ થઇ જતાં તે ત્યાં જતો રહ્યો હતો. પણ મુસ્તાકીનના વીઝા આવ્યા ન હોઈ અને તે કેન્સલ થતા તે ચિંતામાં હતાં. આ કારણે મજાક મજાકમાં દવા પીવાનો પ્રયાસ કરતાં સાચ્ચે ઘુંટડો ભરાઈ ગયો હતો અને ઝેરી અસર થતાં મોત થયું હતું. તેમ સગાએ જણાવ્યું હતું.

# સામાકાંઠે પોલીસ દ્વારા ઈમીટેશન બજારમાં 'ત્રણ વાત તમારી ત્રણ અમારી' કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય ગાંધીનગરના'' ત્રણ વાત તમારી ત્રણ અમારી ઝુંબેશ હેઠળ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલ ઈમીટેશન બજાર રણછોડનગર, શ્રીરામ ઈમીટેશન માર્કેટ, શેરી નં.૩, સંતકબીર રોડ ખાતે ★ ત્રણ વાત તમારી ત્રણ અમારી કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, વોર્ડ નં. ૬ ના કોર્પોરેટરશ્રી ભાવેશભાઇ દેથરીયા, વોર્ડ નં. ૬ ના કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા, વોર્ડ નં. ૫ ના કોર્પોરેટર દિલીપભાઇ લુણાગરીયા, ઈમીટેશન બજારના પ્રમુખ મનીશભાઇ વસોયા, બી ડીવીઝન પો.સ્ટે. ના પો.ઈ. આર.જી.બારોટની ઉપસ્થીતીમાં ઈમીટેશન બજારમાં વેપાર કરતા વેપારીની બહોળી સંખ્યાની હાજરીમાં યોજવામાં આવેલ.








જેમાં પોલીસ અને વેપારીઓ વચ્ચે સમન્વય જળવાય અને વેપારીઓના પ્રશ્નોનુ ઝડપથી નિરાકરણ આવે તે માટે ઈમીટેશન બજારના વેપારીઓની સમસ્યાઓ અને અપેક્ષાને ધ્યાનમાં રાખીને આ ★ ત્રણ વાત તમારી ત્રણ અમારી '' કાર્યક્રમમાં વેપારીઓની ત્રણ વાત સાંભળવામાં આવેલ. જે ત્રણ વાતોમાં ઈમીટેશન માર્કેટમાં બહારથી બહેનો કામ કરતા આવતા હોય છે ત્યારે રોડ ઉપર અસામાજીક તત્વો દ્વારા હેરાન પરેશાન ન કરે તે માટે પોલીસ પેટ્રોલીંગ કરવા રજુઆત કરેલ, સંતકબીર રોડ પર ભાવનગર રોડથી જલગંગા ચોક સુધી ન્યુસન્સ જેવી પ્રવ્રુતિઓ ઉપર ખાસ સપોર્ટ આપવા માટે રજુઆત કરેલ, ઈમીટેશન બજારમાં બહારથી માલ લેવા આવતા વેપારીઓ ઉધારીમાં માલ લઇ જતા હોય છે અને અમારો વેપાર વધુ ઉધારી ઉપર ચાલતો હોય છે તેમાં ઘણી વખત અમારા વેપારીઓના પૈસા ખોટા થતા હોય છે તેમાં યોગ્ય માર્ગદર્શન આપવા માટે રજુઆત કરેલ આ વેપારીઓના ત્રણ પ્રશ્નોનો સમયસર નિરાકરણ લાવવા અર્થેની બાંહેધરી પોલીસ દ્વારા આપવામાં આવેલ હતી. બાદ પોલીસની ત્રણ વાત કરવામાં આવેલ હતી જેમાં ઈમીટેશન બજારમાં એન્ટ્રી તથા એકઝીટ પદઇન્ટ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા સૂચન કરેલ ઈમીટેશન બજારમાં રાજય બહારથી કામ કરવા આવતા કારીગરોનું પોલીસ સ્ટેશનમાં રજીસ્ટ્રેશન કરાવવા સુચન કરેલ (૩) ઈમીટેશન બજારમાં વાહન ચોરીના ઘણા વધુ બનાવો ન બને તે માટે પોતાના વાહનો લોક કરીને અને સી.સી.ટી.વી. કેમેરામાં દેખાય તે રીતે યોગય પાર્કીંગમાં જ રાખવા સુચન કરેલ.

આ કાર્યક્રમ દરમ્યાન વાહનચોરી/ ઘરફોડ ચોરી અટકાવવા માટે શું ધ્યાન રાખવુ, બજારમાં ખરીદી કરતી વખતે બહેનોએ શું ધ્યાન રાખવુ તેમજ રીક્ષામાં બેસતી વખતે શું ધ્યાન રાખવુ તેમજ સાયબર ક્રાઇમના ભોગ ન બને તે અંગે ધ્યાન રાખવા જેવી બાબતોના સુચન કરવામાં આવ્યું હતું.

# મવડી પોલીસ હેડ કવાર્ટર ખાતે ગ્રામ્ય પોલીસ દ્વારા NDPSના ગુનામાં પકડાયેલા આરોપીનું કાઉન્સેલીંગ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકારના Drugs free india મુહીમ અનુંસંધાને ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુ.પો.અધિ ગુ.રા. ગાંધીનગર તથા અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વે ગુ.રા.ગાંધીનગર દ્વારા એન.ડી.પી.એસ ની બદી સદંતર નાબુદ કરવા અને યુવા ધનને નશાની આદતથી દુર રાખવા અગાઉ નાર્કોટીક્સના ગુન્હામાં પકડાયેલ ઇસમોને રૂબરૂ બોલાવી કાઉન્સેલીંગ કરવા માટે સુચના કરેલ હોય જેથી રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવના માર્ગદર્શન મુજબ આજરોજ તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ રાજકોટ ગ્રામ્ય જીલ્લાના મવડી પોલીસ હેડકવાટર્સ ખાતે પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ સાહેબ, રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓના અધ્યક્ષ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલા સા., આર.એ.ડોડીયા સા, આસ્થા રાણા સા. તથા જીલ્લાના શાખા/ પો.સ્ટેના અધિકારીશ્રીઓ ની હાજરીમાં અગાઉ રાજ્યના અલગ-અલગ પોલીસ






સ્ટેશનમાં નાર્કોટીક્સના ગુન્હાઓમાં પકડાયેલ અને રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં રહેણાંક ધરાવતા ૧૫૦ જેટલા ઇસમો પૈકીના ૭૨ ઇસમો હાજર રહેલ હતા જેઓને ફરી વખત ગુન્હા નહી કરવા, નાર્કોટીક્સની પ્રવૃતી સાથે સંકળાયેલા ઇસમો બાબતે હકકિકત આપવી, તેમજ નાર્કોટીક્સના ગુન્હા ગંભીર પ્રકારના ગુન્હા હોય જેમાં પકડાયેલ ઇસમોને વધુમા વધુ સજા થતી હોય, જેથી આવી અસામાજિક પ્રવૃતીથી દુર રહેવા સમજાવેલ અને તેઓની પ્રવૃતી ઉપર ખાસ વોચ રાખવા મેન્ટોરોની નીણુંક કરાવી તેઓની તમામ માહીતી એકત્રીત કરવા એસ.ઓ.જી.શાખાને સમજ કરેલ તેમજ જીલ્લામાં રહેતા અને અગાઉ મિલ્કત સબંધી ગુન્હામાં પકડાયેલ ઇસમો ફરી વખત ગુન્હા આચરે નહી તેમજ તેઓની પ્રવૃતી ઉપર વોચ રાખવા દરેક ઇસમો ઉપર કર્મચારીઓની નીમણુંક કરી આવા ઇસમો કોર્ટ મુદ્દતે હાજર રહે છે. કે કેમ ? તેમજ તેઓના સહ-આરોપીઓ અને સરનામાંઓની વારંવાર ખરાઇ કરવી અને જો મળી ન આવે તો તેઓને બદલાવેલ સરનામું શોધી કાઢવા અને લાગતા વળગતા પોલીસ સ્ટેશનોને માહીતગાર કરવા એલ.સીબી. શાખાને ખાસ સુચના આપવામાં આવેલ.

# મોરબીના પ્રૌઢનું બ્રેઈન ડેડ થતાં પરિવારે અંગદાન કરી છ લોકોને જીવનદાન આપ્યું

## રાજકોટમાં થયેલાં આ અંગદાનના અંગો અમદાવાદ પહોંચાડવા રાજકોટ ટ્રાફિક પોલીસે મુખ્ય ભૂમિકા ભજવી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના હસમુખભાઈ રામજીભાઈ પરેચા (ઉં.વ.૫૨, લખધીરનગર) સવારે ચાલવા ગયા હતા ત્યાંથી પરત ફરતા અચાનક જ તેમની તબિયત બગડી જતા મોરબીની લાઈફલાઈન હોસ્પિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ રાજકોટ સિનર્જી હોસ્પિટલમાં ખસેડાયા હતા. હસમુખભાઈનો સંપૂર્ણ ચેકઅપ કર્યા બાદ ડો. કલ્પેશ સનારિયા એ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા.

તેમનું બ્રેઈન ડેડ થતાંની સાથે જ ડોક્ટર્સની ટીમે તેમને અંગદાન માટે સમજાવ્યા. પરેચા પરિવારનાં મોભી તથા હસમુખભાઈનાં મોટાભાઈ પ્રભુભાઈએ અંગદાન માટે સંમતિ આપી હતી. પરિવારનાં તમામ સભ્યો હસમુખભાઈનાં પુત્ર અંકિતભાઈ અને મોટાભાઈ પ્રભુભાઈ તેમજ દમયંતીબેન, ભરતભાઈ રામજીભાઈ પરેચા, ચતુરભાઈ, જયેશભાઈ, લાલજીભાઈ, જીતેન, યોગેન્દ્ર તેમજ ડો. પ્રફુલભાઈ પરેચાની પ્રેરણાથી હસમુખભાઈનાં બે કિડની, લિવર, સ્કિન તથા બે આંખોનું દાન કરી હસમુખભાઈને ફરી જીવાડી ૬ લોકોને નવજીવન આપ્યું છે. સિનર્જી હોસ્પિટલમાંથી ડો. કલ્પેશ સનારિયા, ડો. મિલાપ મશરૂ, ડો.જયેશ ડોબરીયા, ડો. સંજય તિલાલા, ડો. દિનેશ ગજેરા, ડો. સુરસિંહ બારડ, ડો. શ્રુતિ રાઠોડ ડો. રાહુલ વિરાણી, ડો. મિલન રાબડિયા, ડો. અલ્પેશ રૂપારેલિયા, નર્સિંગ સ્ટાફ ચાર્મી કોરાટ, ધર્મિષ્ઠા ચાવડા, સાયર ગોહિલ, સુનૈયા ઠેબા એ જહેમત ઉઠાવી હતી તેમજ રાજકોટમાં થયેલા આ ૧૦૯માં અંગદાનના અંગોને રાજકોટ થી અમદાવાદ પહોચાડવા માટે પૂજા યાદવ ડીસીપી ટ્રાફિકના નિર્દેશનમાં પોલીસ ઇન્સ્પેક્ટર જનકસિંહ રાણાએ પાયલોટ તરીકે તથા રોડ બંદોબસ્તમાં પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. પરમાર દ્વારા ગ્રીન કોરિડોરના રોડ બંદોબસ્ત ની સંકલનની કામગીરી કરી હતી આ અંગે સીનર્જી હોસ્પિટલ અને ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન એ રાજકોટ ટ્રાફિક પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# લક્ષ્મીવાડીમાં વૃધ્ધાનો બિમારીથી કંટાળી આપઘાત

## માન સરોવર પાર્કમાં આર્થિક ભીસથી કંટાળી યુવાનનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લક્ષ્મી વાડીમાં રહેતા વૃદ્ધાએ માનસિક બીમારીથી કંટાળી પોતાને કેરોસીન છાંટી આગ લગાવી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.જ્યારે બીજા બનાવમાં આજી ડેમ પાસે માન સરોવર પાર્કમાં રહેતા યુવકે આર્થિક પીસથી કંટાળી આજે ડેમમાં પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કરતા તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.



લક્ષ્મીવાડીમાં રહેતા હંસાબેન શાંતિલાલ હાપા નામના ૭૦ વર્ષીય વૃદ્ધાએ આજે પોતાના ઘરે એકલા હતા તે સમયે પોતાને

આ અંગેની માહિતી મુજબ કેરોસીન છાંટી આગ લાગવી આપઘાત કર્યો હતો.જેમાં પાડોશી જોઈ જતા તેમને ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા ફાયરનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા જ પરિવારજનો દોડી આવ્યા હતા અને તેમને જણાવ્યું હતું કે પહેલા દસેક વર્ષથી વૃદ્ધા માનસિક બીમારીથી પીડાતા હોવાથી તેને આ પગલું ભર્યા હોવાનું બહાર આવ્યું છે.જ્યારે બીજા બનાવની માહિતી મુજબ આજીડેમ નજીક આવેલા માનસરોવર પાર્કમાં રહેતા જેસાભાઈ વાલજીભાઈ ખીજડીયા નામના ૨૮ વર્ષીય યુવકે આજી ડેમમાં ઝંપલાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જ્યારે આ ઘટનાની જાણ ફાયર વિભાગને થતા તેને જેસભાઈને બચાવીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યારે આ મામલે પોલીસે તેની પૂછપરછ કરતા તેને જણાવ્યું હતું કે તેને આ પગલું આર્થિક ભીંસથી કંટાળીને ભર્યું છે. હાલ પોલીસે બનાવ અંગેની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# બાળા સાથે જઘન્ય કૃત્ય આચરનાર તરૂણ સામે નોંધાવેલી ફરિયાદ પાછી ખેંચી લેવા ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારમાં ૧૫ દિવસ પહેલા ત્રણ વર્ષની બાળા સાથે ખરાબ કૃત્ય કરનાર તરૂણ સામે નોંધાયેલ ફરિયાદનો ખાર રાખી આરોપીએ તે કરેલ ફરિયાદ પાછી ખેંચી લેજે નહીંતર પાંચ દિવસમાં હાથ-પગ ભાંગી નાખશુની ધમકી આપતા યુનિ. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ રૈયાધાર વિસ્તારમાં રહેતા ૩૭ વર્ષીય યુવકે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમને સંતાનમાં એક પુત્ર અને ત્રણ વર્ષની પુત્રી છે. તેઓ ફટનો ધંધો કરે છે. છેલ્લા બે માસથી તેમને પૈરેલાસીસનો એટેક આવેલ હોય અને તેમની સારવાર સરકારી હોસ્પિટલમાં ચાલુ હોય અને હાલ તે ચાલી શકતા ન હોય, જેથી તેઓ ઘરે આરામ પર હતા ત્યારે ૧૫ દિવસ પહેલા તેમના કવાર્ટરની સામે રહેતા તરૂણે તેમની ત્રણ વર્ષની પુત્રી સાથે ખરાબ કૃત્ય કરેલ હોય.

જે બાબતે તેઓએ યુનિ. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ હતી. જેથી આરોપીએ તે ફરિયાદનો ખાર રાખી તેમના કવાર્ટર સામે રહેતો રાજુનો પુત્ર અને તેની સાથેના બે શખ્સો ફરિયાદીના ઘર પાસે ઉભા રહી બેફામ ગાળો આપવા લાગેલ અને ધમકી આપેલ કે મારા લાખ રૂપિયા બગડેલ છે અને અમને બહુ હેરાન કરેલ છે જો આ કેસ પાછો નહીં ખેંચે તો તને પાંચ દિવસમાં હાથ-પગ ભાંગી નાંખીશુ અને તારા બાળબચ્ચા લઇને તારા ગામ ભેગો થઇ જજે તેવી અગાઉ ધમકી આપેલ હતી. ગઇકાલે પણ તેઓ ઘરે હતા ત્યારે આરોપી અન્ય બે શખ્સો સાથે ઘસી આવેલ અગાઉ કરેલ કેસ બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છુટયા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી યુનિ. પોલીસે આરોપી સામે ધમકીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# નામચીન સાગર રાણા સહિત બે શખ્સોએ યુવાનને આપી જાનથી મારી નાંખવાની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અંકુરનગર મેઈન રોડ પર અગાઉ થયેલ માથાકૂટમાં કારમાં થયેલ નુકશાનીનો ખર્ચ માંગી યુવાને બોરમાં નાંખી મારી નાંખવાની ધમકી આપનાર હિસ્ટ્રીસીટર સાગર રાણાની ઘરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું. આ અંગેની માહિતી મુજબ પાડોશી જીતુ ઘરેજીયા અને તેના ભાઈઓને સાગર રાણા વગેરે સાથે અંકુરનગર મેઈન રોડ પર મારામારી થઈ હતી. તે વખતે જીતુભાઈ તેનું એકસેસ લઈને ગયા હતા.

એટલું જ નહીં તે જીતુભાઈને સ્પોર્ટ કરતો હોવાની શંકા જતા સાગરે તેને કોલ કરી ધમકી આપી હતી. એટલું જ નહીં પોતાની સ્વીફ્ટ કારમાં થયેલી નુકશાનીનું વળતર પણ માગ્યું હતું.

આ રીતે તેને બે- ત્રણ વખત ધમકી આપતાં તેને ભય લાગ્યો હતો. જેથી કાકાના ઘરેથી નાનામવા સર્કલ પાસે આરએમસી કવાર્ટરમાં રહેતાં માતા- પિતાના ઘરે રહેવા જતો રહ્યો હતો.બનાવ અંગે માલવીયાનગર પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ઘરી હિસ્ટ્રીસીટર સાગર રાણાની ધરપકડ કરી હતી. તેમજ અન્ય એક શખ્સની શોધખોળ હાથ ઘરી હતી. જયાં પણ સાગરે કોલ કરી ધમકી આપવાનું ચાલુ રાખ્યું હતું. એમ પણ કહ્યું કે, તું મારી કારમાં થયેલી નુકશાનીનો ખર્ચો આપી દે એટલે સમાધાન થશે.

તેણે પોતે નુકશાની કર્યાની ના પાડતાં બેફામ ગાળો ભાંડી કહ્યું કે, હવે તું કે તારો ભાઈ મને ભેગા નહીં થતાં નહીંતર મારા ઘર પાસે આવેલા બોરમાં નાખીને મારી નાખીશ. આ જ વખતે બીજા આરોપી રોનકે પણ બોલાચાલી કરી હતી. આ રીતે બંને આરોપીઓ અવાર- નવાર ધાક-ધમકી અને ગાળો આપતાં હોવાથી આખરે આજે માલવીયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસ આગળ ધપાવી છે.

# મુંજકા અને કણકોટ વિસ્તારમાં દીપડાને પકડાવા વન વિભાગના ધામાઃ ત્રણ સ્થળે પાંજરા મુકયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત શનિવારે રાજકોટની ભાગોળે વાજડી વડથી મુંજકા રોડ ઉપર આંબાવાડી નર્સરી પાસે એક દીપડાએ દેખા દીધાના સમાચારો બાદ આ વિસ્તારમાં રહેતા લોકોમાં દહેશત છવાયેલી છે. એક નાગરિક ભીખુભા ખેરડીયાએ આ દીપડો જોયો હોવાનો દાવો કર્યા બાદ વન વિભાગ પણ હરકતમાં આવી ગયું હતું અને દીપડાને પાંજરે પુરવા માટે કવાયત હાથ ધરી છે. મુંજકા



રોડ ઉપરાંત યુનિવર્સિટી આસપાસના વિસ્તારમાં અને ત્યાર બાદ કણકોટ રોડ પાસે દીપડાએ દેખા દીધી હતી તેથી આ વિસ્તારમાં પાંજરા મુકવામાં આવ્યા છે. જો કે હજું દીપડો નહી પકડતા લોકોમાં ભય યથાવત છે. વન વિભાગે રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવાની સલાહ આપી છે, તેમજ નોનવેજનો કચરો જાહેરમાં ન ફેંકવા પણ વનવિભાગે લોકોને સૂચના આપી છે. છેલ્લા કેટલાક દિવસથી વિવિધ વિસ્તારમાં દિપડો જોવા મળતા લોકમાં ભયનો માહોલ છવાયો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાદ કણકોટમાં દીપડો દેખાયા હતો. કણકોટ પાસે સ્થાનિકોએ જાણ કરતા વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. વન વિભાગે દીપડાને પાંજરે પૂરવા માટે સઘન મહેનત હાથ ધરી છે. છેલ્લા કેટલાક દિવસથી વન વિભાગ દીપડાની શોધખોળ કરી રહ્યું છે.

# રાજકોટના વેપારીની જર્મનીમાં રહેતી બહેન સાથે બંગાળી દંપતિએ કરી રૂા.૫૬ લાખની ઠગાઈ

## પાવર ઓર્ફ એટર્નીના આધારે પોલીસમાં નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાના મવા રોડ ઉપર ત્રિપદા સોસાયટીમાં રહેતા અને મેઈન રોડ ઉપર જય વરૂડી સેલ્સ એજન્સી નામે હોલસેલ પાન-બીડીનો વેપાર કરતા રાજેશભાઈ જયંતીભાઈ વિડજા ઉ.૩૫એ પશ્ચિમ બંગાળના પુર્બા મેદીનીપુરના નાચીડા ગામે રહેતા સબ્યાસાચી ગીરી અને તેની પત્ની રીટામંડલ સબ્યાસાચી ગીરી સામે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ૫૫.૯૧ લાખની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્ય હતું કે મૂળ ઓડીશાના હાલ જર્મની શિફ્ટ થયેલા મોનાલીબેન મિશ્રા સાથે મારે સોશિયલ મિડીયાથી પરિચય થયો હતો તેઓ જયારે ભારત આવતા ત્યારે મારા ઘરે જ રોકાતા હતા અમારા બંને વચ્ચે ભાઈ-બહેનનો સંબંધ છે મોનાલીબેન ગત ૨૦૨૦ એપ્રિલમાં ભારત આવ્યા ત્યારે ત્યારે મારા ઘરે રોકાયા હતા ત્યારે સોશિયલ મીડિયા મારફ્ત દંપતિ સાથે પરિચય થયો હતો તેમણે પોતે એન્જલ બ્રોકિંગમાં બ્રોકર છે અને વર્ષોથી શેરબજારનું કરે છે રોકાણ કરવાથી નફો થશે તેમ વાત કરતા તેઓ રૂબરૂ જઈને મળ્યા હતા અને તમારા રૂપિયા ડૂબશે નહિ તેવો વિશ્વાસ આપતા મોનાલીબેનએ ૩૦ ઓકટોબર ૨૦૨૦થી કટકે કટકે રોકાણ કરવાનું ચાલુ કર્યું હતું જેમાં ૩૬ વખત રકમ ટ્રાન્સફર કરી ૧ ઓગષ્ટ ૨૦૨૧ સુધીમાં ૫૬.૧૧ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

આ સમય દરમિયાન જુન ૨૦૨૧માં એક વખતમાત્ર ૨૦ હજાર રૂપિયા જ ટ્રાન્સફર કર્યા હતા તે પછી રૂપિયા પરત માંગતા એકપણ રૂપિયો આપેલ નહિ અને વાયદાઓ કરી અમારી મિલકત મોર્ગેજ કરી આપીશું તેવું જણાવ્યું હતું પરંતુ કઈ નહિ કરતા અને મોનાલીબેન જર્મની રહેતા હોય જેથી મને પાવર ઓફ એટર્ની કરી આપતા મેં કાયદાકીય પ્રક્રિયા કરી દંપતિ સામે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ મોહન મહેશ્વરી સહિતે તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT